# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮-A તા.૨૬-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ' કાર્યક્રમ બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, તા.૩૦-૦૪-૨૦૧૯ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ વાગ્યા સુધી આગામી શૈક્ષણિક સત્રને ધ્યાનમાં રાખીને 'શૈક્ષણિક ગુણવત્તા અભિવૃદ્ધિ' કાર્યક્રમનું આયોજન ટાગોરહોલ, પાલડી ખાતે કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં તમામે તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ પોતાની શાળાના જુનિયર મોસ્ટ (શાળામાં છેલ્લે આવેલા) શિક્ષકશ્રી સાથે હાજર રહેવું.

મુખ્ય શિક્ષકશ્રીઓએ શાળાની વ્યવસ્થા આગળના દિવસે ગોઠવી લેવી અને તે દિવસે પરીક્ષા - પરિણામ પત્રકની કામગીરીનું સુચારું પ્લાનીંગ ગોઠવવું.

તમામ શિક્ષકશ્રીઓએ ટાગોર હોલ, પાલડી ખાતે સવારે ૮.૩૦ વાગ્યે ઉપસ્થિત રહી રજીસ્ટ્રેશન જે તે ઝોનના સુપરવાઇઝરશ્રી પાસે કરાવવાનું રહેશે.

આ કાર્યક્રમ અંતર્ગત વાર્ષિક પરીક્ષા-૨૦૧૯, શાળા તત્પરતા કાર્યક્રમ, સ્માર્ટ લર્નિંગ કાર્યક્રમ, વિષય તાસ પદ્ધતિ, પ્રજ્ઞા શૈક્ષણિક કાર્યક્રમ, અંગ્રેજી માધ્યમમાં શાળા સજ્જતા, શાળાકીય આયોજન અને વ્યવસ્થાપન, શૈક્ષણિક આયોજન, સમગ્ર શિક્ષા અભિયાન, શાળાની ભૌતિક સુવિધા જેવા અગત્યના વિષયો અંગે માર્ગદર્શન આપવાનું હોવાથી મુખ્ય શિક્ષકશ્રીઓએ અનિવાર્યપણે હાજર રહેવું. આમ છતાં અનિવાર્ય કારણસર સી.એલ. પર રહેવું પડે તેમ હોય તો મુખ્ય ઓફિસની પરવાનગી લેવી. આ ઉપરાંત તમામ યુ.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રી તથા સી.આર.સી. કો-ઓર્ડિનેટરશ્રીએ પણ હાજર રહેવું.

તા.૨૬-૦૪-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી